મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩ ટકા
ગાંધીનગર તાપમાન

સચિવાલયના ૩૫૦ કર્મચારીઓએ રકતદાન કર્યું

થેલેસેમિયાથી પીડીત બાળકો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૬

થેલેસેમિયાથી પીડીત બાળકો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા યોજાયેલ રકતદાન શિબિરમાં ૩૫૦ જેટલા કર્મચારીઓએ રકતદાન કરતા વિક્રમ સર્જાયો છે.

માર્ગ અને મકાન વિભાગ પરિવાર સચિવાલય, ગાંધીનગર દ્વારા આજે રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં રકતદાતાઓએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૩૫૦ યુનિટ રકત એકત્રિત થયું હતું.

પ્રતિ વર્ષ ૧૯૯૮થી માર્ગ અને મકાન વિભાગ પરિવાર સતત ૨૧ વર્ષથી રકતદાન કેમ્પનું નિયમિત અને સફળતાપુર્વક આયોજન કરે છે. આ વર્ષે પણ આ વિભાગ દ્વારા સતત ૨૧માં રકતદાન કેમ્પનું સફળ આયોજન કરાયું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી યોજાયેલ આ રકતદાન શિબિરમાં વિભાગના સચિવ એસ.બી.વસાવા તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી રકત દાતાઓને રકતદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ કેમ્પમાં એકત્રિત કરાયેલ કુલ ૩૫૦ યુનિટનો ઉપયોગ ''થેલેસેમિયા'' થી પીડિત બાળ દર્દીઓને પૂરૂં પાડવામાં આવશે.

આ રકતદાન કેમ્પમાં ભાગ લેનાર તમામ રકતદાતાઓને માર્ગ અને મકાન વિભાગ તરફથી એક આકર્ષક ''ટ્રાવેલીંગ બેગ'' સ્મૃતિચિહન તરીકે ભેટ સ્વરૂપે એનાયત કરવામાં આવી હતી.

વિભાગના ઉપસચિવ એસ.ડી. મોઢાના માર્ગદર્શન હેઠળ સતત ૨૧ વર્ષથી રકતદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે અને તેઓએ આ કેમ્પમાં સક્રિય ભાગ લઈ ૧૩૫ મી વાર રકતદાન કર્યું હતું.

આ રકતદાન કેમ્પને સફળ બનાવવામાં રેડક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લા શાખાનો સહયોગ મળ્યો હતો.

આ ઉમદા માનવતાના કાર્યમાં સચિવાલય ખાતેના વિભાગના કર્મચારીઓ/અધિકારીઓ તેમજ અન્ય તમામ વિભાગ/કચેરીઓના કર્મચારી/અધિકારીઓ તથા શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ રકતદાન શિબિરને સફળ બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ રકતદાન સમિતિ તથા વિભાગના કર્મચારી/અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

@ગાંધીનગર

● ગાંધીનગર મોચી સમાજ દ્વારા સંતશ્રી લાલાબાપાની પુણ્યતિથીની ઉજવણી સવારે ૯ કલાકે મુકિતધામ ખાતે કરાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપકમે બાબાસાહેબના રાજનૈતિક કાર્યોમાં જાતિના વિભવતાના વિષય પર ડૉ. અમરેન્દ્ર પાંડેનું વ્યાખ્યાન ૫.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાશે.

ચક્ષુદાન શ્રેષ્ઠદાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નિવાસી શ્રી ઈશ્વરભાઈ માવજીભાઈ પ્રજાપતિ ઉ.વ. ૫૦ પ્લોટ નં. ૧૩૦૯/૧ સે-૨-બીનું દુઃખદ અવસાન થયેલ છે. જેમના કુટુંબીજન ઉમેશભાઈ પ્રજાપતિની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવેલ છે. જેમાં તબીબી સેવા ડૉ. મુસ્તફા તેમજ જુસીકાના કાર્યકર હિતેશભાઈ રાવલ, સની વાઘેલા, રાજુ વાઘેલાએ આપી હતી. ચક્ષુબેંકમાં ચક્ષુ પહોંચાડવાની કામગીરી દિલીપભાઈ દંતાણીએ કરી હતી.

અસામાજિક તત્વો મહિલા સ્વરૂપમાં

ગાંધીનગર, તા.૬

પાટનગરમાં અસામાજિક તત્ત્વો દ્વારા ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ, બેંક-પોસ્ટ એટીએમમાંથી રોકડ ઉપાડતા લુંટી લેવાના બનાવો બને છે જેનાથી પોલિસ તંત્રની આબરૂના લીરે લીરા ઉડે છે. પુરુષ અસામાજિક તત્વોએ ઝડપથી પકડાઈ ન જાય તેમજ સીસીટીવીમાં કેમેરામાં ઝડપાઈ ન જાય તે માટે સ્ત્રીઓનો વેશ ધારણ કરી ચોરી કરવાનું શરુ કરેલ છે. જેઓ સાધનો પણ તેઓના શરીરમાં સંતાડી રાખે છે. જેથી પોલિસે આવા તત્વોને પકડવા માટે નવીન રાહ અપનાવવો પડશે.

ગાંધીનગર જિલ્લા પેન્શનરની કારોબારી કલોલમાં યોજાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા પેન્શનર મંડળની કારોબારી સભા કે.બી. વ્યાસના પ્રમુખપદે કલોલમાં મળી હતી. પેન્શનરોના પ્રશ્નો જેવા કે અપરણીત પુત્રીને પેન્શન, મેડિકલ ભથ્થુ રૂ. ૧૦૦૦ કરવું, સિનિયર સીટીઝનોને તેમના અંગે ચાલતી પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવ્યા અને સાતમા પગારપંચ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન કાન્તિલાલ પ્રજાપતિએ જયારે આભારવિધિ બાબરભાઈ દેસાઈએ કરી હતી.

સફાઈ કરના નામે મિલકતવેરામાં અસહ્ય વધારો ઝીંકાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં ૭ર્ષથી મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવેલ છે. સરકાર દ્વારા મહાનગરપાલિકાને ગાંધીનગર શહેરની સફાઈ તથા અન્ય પરચુરણ કામની કામગીરીનો હવાલો સોંપવામાં આવેલ છે સોંપવામાં આવેલી સફાઈ કામગીરી સંતોષકારક વ્યવસ્થિત કરાતી નથી જાહેર માર્ગો તથા સેકટરના આંતરિક કોમન પ્લોટના રસ્તાઓ પર નિયમિત સફાઈ થતી નથી પરંતુ ૨૦૧૮-૧૯ના વર્ષની મિલકત આકારણી વેરામાં સફાઈ ચાર્જના નામે રૂ. ૩૦૦થી વધુ ચાર્જ લેવામાં આવે છે.

મહાનગરપાલિકા કરવેરા ઉઘરાવવા છતાં સુખ સુવિધામાં સગવડ આપવામાં નિષ્ફળ ગયેલ છે. સરકારી ગ્રાન્ટનો મનપાના સેવકો દુરુપયોગ કરે છે. લોકજુવાળ ઉભો કરી મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર બાબતે લોક આંદોલન કરવાની ફરજ પડશે તેમ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવેલ છે.

આરકેએસના નામે ગરીબ દર્દીઓ પાસેથી ઓપરેશનના નાણા વસુલાય છે

ગાંધીનગર, તા.૬

રાજયના પાટનગરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલ દર્દીઓથી ખીચોખીચ ભરાયેલી જોવા મળે છે. ત્યારે અહી સિવિલમાં સામાન્ય દર્દીથી લઈને વીવીઆઈપી નેતાઓ પણ ટીટ્રમેન્ટ માટે આવે છે. જેથી સિવિલ સ્ટાફ રાજકીય આગેવાનોની સેવામાં મસ્ત રહે છે. જયારે હોસ્પિટલના ઈન્સ્ટુમેન્ટનો ગેરકાયદે મનફાવે તે રીતે ઉપયોગ થાય છે. પણ હવે આ રાજકીય અને તંત્રના ઉચ્ચ અધિકારીઓની સેવામાં કરેલા હજજારો રૂપીયાના ખર્ચા કાઢવા માટે રોગી કલ્યાણ સમિતિના નામે સિવિલમાં તંત્રએ જ ઉઘરાણા શરુ કર્યા છે. જેમાં દર્દીઓ પાસેથી ઓપરેશનના રૂ.૫૦૦ લેવામાં આવે છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી સારવાર વધુ સુદઢ બનાવવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે. રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે તંત્રના અધિકારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે સરકારી સિવિલ હોસ્પિટલને ચલાવવા માટે ગરીબ દર્દીઓ પાસેથી રૂપીયા ઉઘરાવવાનો વારો તંત્રને આવી ગયો છે. સરકાર દ્વારા સરકારી સિવિલ હોસ્પિટલમાં વિવિધ રોગની તમામ પ્રકારની સારવાર ફ્રી મળશે તેવી કરોડો રૂપીયાની જાહેરાતો મોટા સમારોહમાં કરવામાં આવે છે. પરંતુ ગાંધીનગર સિવિલ સહિત તમામ સરકારી હોસ્પિટલમાં કેસ કાઢવાથી માંડીને ઓપરેશન કરવા સુધીના રૂપીયા દર્દીઓ પાસેથી ઉઘરાવવામાં આવે છે. સિવિલના અધિકારીઓ મીટીંગ તેમજ પોતાના અંગત ખર્ચા આરકેએસમાં પાડે છે. જયારે રોગી કલ્યાણ સમિતિ દ્વારા ઓપરેશનના રૂ.૫૦૦ દર્દીઓ પાસેથી વસુલવામાં આવે છે. વ્યવસ્થાના ભાગરૂપે કેસ કાઢવાના રૂ.૫ લે તો એ તમામ પ્રકારના દર્દીઓને પોશાય પરંતુ સામાન્ય સર્જરીના રૂ.૨૦૦ તેમજ અન્ય ઓપરેશના રૂ.૫૦૦ ઉઘરાવવાની નીતી સાથે ચાલતી આ ગરીબોની તેમજ શોષિતોની સરકારની દાનત સામે પણ ઘણા પ્રશ્નાર્થ ઉભા થવા પામે છે. ત્યારે ઉલ્લેખનીય છે કે આ અંગે સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. બિપિન નાયકને પુછતા તેઓએ જણાવ્યું હતું કે સરકારના ઠરાવ પ્રમાણે સિવિલમાં દર્દીઓ પાસેથી ઓપેરેશનના રૂપીયા લેવામાં આવે છે જે એમએલસી તેમજ બીપીએલ દર્દીઓ પાછળ વાપરવામાં આવે છે.

સેકટર-૩માં ઘરફોડીયાઓનો વધુ એક બંધ મકાનમાં હાથફેરો

મકાનમાલિક બે દિવસ મુંબઈ ગયા હતા અને તસ્કરો તેમના મકાનને ટાર્ગેટ કરી ગયા

ગાંધીનગર, તા.૬

પાટનગરમાં વાહનચોર અને ઘરફોડીયાઓનો આતંક અસહ્ય બની રહ્યો છે. ત્યારે પોલિસ એકશન પ્લાન બનાવીને ગેંગ પકડવા મથી રહી છે પરંતુ કાંઈ હાથ આવતું નથી. બીજી તરફ પહેલાની સરખામણીમાં પોલિસ સ્ટાફ વધ્યો હોવા છતાં મહિલા પોલિસ પાસે નાઈટ પેટ્રોલીંગ કરાવવા મંજુરી નહી હોવાથી પોલિસ સ્ટાફ વધ્યો હોય તેની કોઈ ખાસ અસર દેખાતી ન હોવાની ચર્ચા ચાલી રહી છે. ઘરફોડ ચોરીઓ બે દિવસ પહેલા જ પાંચ જગ્યાએ થઈ હોવાનું બહાર આવ્યું હતું ત્યારે આજે વધુ એક ઘરફોડ સેકટર-૩માં થઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરના સેકટર-૩-સી પ્લોટ નં. ૪૭૦/૧ ખાતે રહેતા સિનિયર પત્રકાર કિશોરભાઈ અંજારીયા તેમના ઘરને તાળુ મારીને બે દિવસ માટે મુંબઈ ગયા હતા. આજે મુંબઈથી તેઓ ગાંધીનગર પરત આવી રહ્યા હતા ત્યારે વર્ષોથી તેમના ઘરે કામ કરતી ઘરઘાટી તથા પડોશી મારફતે તેમને જાણ થઈ કે તેમના ઘરના દરવાજાનું લોક ગાયબ છે. ઘરે આવીને કિશોરભાઈએ જોયું તો લોક ગાયબ હતું અને દરવાજો ખુલ્લો હતો અંદર પ્રવેશીને જોયું તે સરસામાન વેરવિખેર પડયો હતો. તસ્કરોએ તેમના મકાનનું તાળુ ખોલીને કે તાળુ તોડીને અંદર ઘુસી બંને માળના તમામ રૂમો તથા રસોડામાં વાસણો ઉપરાંત ઘઉંના પીપડા પણ ફેંદી નાંખ્યા હતા. ચારેક હજાર રૂપિયા રોકડા તથા એક કાંડા ઘડિયાળ તસ્કરોને હાથ લાગી હતી. તસ્કરો જે હાથ લાગ્યું તે લઈને રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે મકાનમાલિક કિશોરભાઈની જાણવાજોગ લઈ સે-૭ પોલિસે તપાસ કરશે તેવું આશ્વાસન આપ્યું હતું.

દેશી વિદેશી દારૂની હેરાફેરી ઉપર એલસીબીની વૉચ

ઉવારસદ પાસેથી એકટીવા પર દેશી દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા : શેરસા ગામમાંથી દેશી દારૂ વેચતા એકને પકડયો : રૂ. ૫૧ હજારના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા.૬

જિલ્લાની એલસીબીની ટીમો દેશી વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણની પ્રવૃત્તિઓ બંધ કરવા સક્રીય છે અને સતત વૉચમાં રહે છે ત્યારે આજે ઉવારસદ પાસેથ દેશી દારૂની એકટીવા ઉપર હેરાફેરી કરતા બે ખેપીયાઓને પકડી પાડવામાં એલસીબીને સફળતા મળી છે તે ઉપરાંત શેરીસા ગામમાંથી દેશી દારૂનું વેચાણ કરતાં શખ્સને પણ પકડી પાડવામાં આવ્યો છે. રૂ. ૫૧ હજારના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ કરી લઈ વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત તથા તરલ ભટ્ટની ટીમે બાતમીને આધારે ઉવારસદ રોડ ઉપર રેલવે ફાટક પાસેથી એક નંબર પ્લેટ વગરની એકટીવા ઉપર દેશી દારૂની ખેપ મારતા બે શખ્સોને પકડી પાડયા હતા. ૨૫ લીટર દેશી દારૂ લઈને જતા દરીયાપુરના રોહીત મનહર ઠાકોર અને રજવાન અનિલ પંજવાણી બંને ખેપીયાઓને પકડી પાડયા હતા તે ઉપરાંત શેરીસા ગામની સીમમાં આનંદપુરાની પાછળ આવેલી પાઈપ ફેકટરી સામે દેશી દારૂનો વેપાર કરતા ખોરજાપરાના ઠાકોર જશુ કુંવરજીને પકડી પાડયો હતો તેની પાસેથી ૩૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. એલસીબીની ટીમે બંને કેસ કરીને ૫૫ લીટર દેશી દારૂ તથા એકટીવા મળી કુલ રૂ. ૫૧,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

ખુલ્લા આકાશ નીચે રાત્રી નિંદરની શરૂઆત

ગાંધીનગર, તા.૬

આકરા ઉનાળાએ તેનો મિજાજ બતાવવાનું શરુ કરી દધું છે. જેમાં દિવસ દરમિયાન અસહ્ય ગરમી પડી રહી છે. નોકરી, ધંધા કે રોજગારી અર્થે બહાર ગયેલા લોકો ગરમીથી કંટાળેલા હોય છે અને ઘરમાં પણ બફારો અનુભવતા હોય છે ત્યારે રાત્રીની નિંદર સારી રીતે માણવા હવે શહેરીજનોએ ઘરના ધાબે, અગાશી કે ઘર આંગણે સુવાનું શરુ કરી દીધું છે અને ગરમીથી છુટકારો મેળવી રહ્યા છે.

દિવસ દરમિયાન એસી અને કુલરના સહારે ઠંડક મેળવી ગરમીમાં રાહત મેળવી લેવાય છે પરંતુ કૃત્રિમ ઠંડક થકી શરીરને જે રાહત મળવી જોઈએ તે ન મળતી હોવાનો એકરાર દરેક શહેરીજન કરી રહ્યા છે. આમ પણ ચૈત્રી નવરાત્રી પછી ખુલ્લા આકાશ નીચે સુઈ જવાનું શરુ થઈ જતું હોય છે. વળી રાત્રિએ પણ ઘરોમાં બફારાનો અહેસાસ થતો હોય છે. જેથી રાત્રિએ કુદરતી ઠંડકના સાંનિધ્યમાં નિંદર મેળવવા શહેરીજનોએ ધાબામાં, અગાશીમાં કે ઘર આંગણે ખુલ્લા આકાશ નીચે સુવાની વ્યવસ્થા કરી લીધી છે. જેમાં પરોઢીયે મંદ મંદ ઠંડા પવનોની ફુલ ગુલાબી ઠંડી સાથે એકદમ ગાઢી નિંદરની મજા આવતી હોવાનું શહેરીજનો જણાવી રહ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે તાજેતરમાં સ્થાનિક મહિલા મંડળ દ્વારા મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં મહિલાઓને મચ્છરથી ઉપદ્રવ થતા રોગ જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ તથા ચીકનગુનિયા વગેરેને નાબુદ કરવાના ઉપાયોની શિબિર યોજાઈ હતી. મચ્છરથી ઉપદ્રવ થતા રોગો જેવા કે મેલેરીયા સહિતના રોગ અટકાવવા માટેના ઉપાયો વિશે જિલ્લા મેલેરીયા નાબુદી અધિકારી ડો. નરેન્દ્ર પટેલે હાજર રહીને મહિલાઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ ઉપરાંત મહિલાઓમાં જાગૃતિ લાવવા પોતાનું રક્ષણ કરવા છેડછાડ અટકાવવા ગળામાંથી ચેઈન સ્નેચીંગ અટકાવવા વિશે મહિલા પોલીસ સ્ટેશન સેકટર-૧ ૬ના પોલીસ ઈન્સ્પેકટર મીનાક્ષીબેન પટેલે હાજર રહી સવિસ્તાર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ પ્રસંગે સેકટર-૩ ન્યુ ખાતે જાગૃતિ શિબિરમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

રાજયકક્ષાની કબડ્ડી ટુર્નામેન્ટમાં ગાંધીનગર સ્વામિનારાયણ પોલિટેકનીકની ટીમ ચેમ્પિયન

ગાંધીનગર, તા.૬

વડોદરામાં આવેલી પારૂલ યુનિવર્સિટી ખાતે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા સ્પિરીટ-૨૦૧૮ અંતર્ગત રાજયકક્ષાની કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ હતી.

આ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની સ્વામિનારાયણ પોલિટેકનિક સંસ્થાની પુરુષ અને મહિલા ટીમે ફાઈનલ મેચમાં યજમાન પારૂલ પોલિટેકનિકની ટીમને પરાજય આપી જવલંત વિજય મેળવી સમગ્ર ગુજરાત કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. પદ્મશ્રી મનોજ જોષીના હસ્તે તમામ વિજેતા ટીમના ખેલાડીઓને મેડલ તથા પ્રમાણપત્ર સંસ્થા ખાતે એનાયત કરવામાં આવ્યા હતા. જયારે વડોદરા ખાતે આંતરરાષ્ટ્રીય કબડ્ડી કોચ નિલેષભાઈ પવારના હસ્તે વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સ્વામિનારાયણ પોલિટેકનિકના ટ્રસ્ટીગણ તથા સંસ્થાના આચાર્ય ધર્મેશ વંડરા તથા સ્પોર્ટસ ઈન્ચાર્જ મયુર ધ્વજસિંહ રાણા દ્વારા ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાત્રે ફુટપાથ પર સુતા મજુરોના મોબાઈલો ચોરતો શખ્સ ઝડપાયો

છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં તરખાટ મચાવનાર આ શખ્સે એક ટ્રક ડ્રાઈવરને પણ લુંટયો હતો : ૧૭ મોબાઈલ રીકવર

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એલસીબીની ટીમે છત્રાલ પાસેથી એક શખ્સને દબોચી લીધો હતો. આ શખ્સે છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં તરખાટ મચાવી મુકયો હતો. છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં ફુટપાથ પર સુતા મજુરોના મોબાઈલો તથા અન્ય સરસામાનની ચોરી કરતો આ શખ્સ ટ્રક ડ્રાઈવર સાથે લુંટ પણ કરી ચુકયો હોવાનું ખુલ્યું છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી ૧૭ મોબાઈલ સહિત રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ પુછપરછ શરુ કરી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને તરલ ભટ્ટની સુચનાથી પીએસઆઈ એમ.જે. શિંદે તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા દરમિયાન કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને બાતમી મળી હતી કે છત્રાલ પાસે એક શકમંદ ઉભો છે. છત્રાલ ખાતેથી મુળ ઉત્તરપ્રદેશના અને હાલ મહેસાણા રહેતા શિવમ રામપ્રકાશ દુબેને પકડી તેની પાસેની બેગ તપાસતા બેગમાંથી ૧૭ નંગ મોબાઈલો, ચાર સાડીઓ-બ્લાઉઝ તથા એક બેગ મળી આવી હતી. મુદ્દામાલ અંગે પુછતાછ કરતા બહાર આવ્યું કે તે મજુરી કામ કરવા આવ્યો હતો અને પૈસાની લાલચમાં મોબાઈલો કપડા ચોરી કરવાનું શરુ કરી દીધું હતું. છત્રાલ જીઆઈડીસીમાં ફેકટરીઓમાં કામ કરતા મજુરો જયારે રાત્રે સુઈ જાય ત્યારે તેમના મોબાઈલો ચોરી લેતો હતો તે ઉપરાંત તેણે તેના એક રીક્ષા ડ્રાઈવર મિત્ર જાફર સાથે મળીને પાંચેક દિવસ અગાઉ છત્રાલ મહેસાણા હાઈવે ઉપર રાજપુર પાટીયા નજીક એક ટ્રક ડ્રાઈવરને રોકીને એક મોબાઈલ તથા રોકડ રૂ. ૫ હજારની લુંટ કરી હોવાની પણ કબુલાત કરી છે. એલસીબીએ રૂ. ૨૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.